# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-12-2024** **MIDDAY : 1.20 to 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

****************************************************

1) કેન્દ્ર સરકાર 1 જાન્યુઆરીથી સંશોધકો માટે 'વન નેશન વન સબસ્ક્રિપ્શન' પહેલ શરૂ કરશે.
2) કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે કોલકાતામાં છ કરોડ 60 લાખ રૂપિયાની નકલી દવાઓ જપ્ત કરી
3) કેન્દ્ર સરકારે વાયનાડમાં થયેલા ભૂસ્ખલનની વ્યાપક અસરને ધ્યાનમાં રાખીને તેને ખૂબ જ ગંભીર કુદરતી આપત્તિ જાહેર કરી
4) બેન્કોની કુલ એનપીએ ઘટીને કુલ ધિરાણનાં 2.6 ટકાનાં 12 વર્ષનાં સૌથી નીચા સ્તરે
5) ઓપનિંગ બેટ્સમેન યશસ્વી જયસ્વાલ એક કેલેન્ડર વર્ષમાં ભારત માટે સૌથી વધુ રન બનાવનાર ત્રીજો ખેલાડી બન્યો

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## ONE NATION ONE SUBSCRIPTION

કેન્દ્ર સરકાર પહેલી જાન્યુઆરી, 2025થી વન નેશન વન સબસ્ક્રિપ્શન પહેલ શરૂ કરશે. આ અંતર્ગત ભારતનાં એક કરોડ 80 લાખ વિદ્યાર્થીઓ અને શોધકર્તાઓને વિશ્વની ટોચની રિસર્ચ જર્નલ સરળતાથી નિઃશુલ્ક મળી શકશે. આ પહેલનો હેતુ ઉચ્ચ ગુણવત્તા ધરાવતી શોધને વધુને વધુ વિદ્યાર્થીઓ અને શોધકર્તાઓ સુધી પહોંચાડવાનો છે.

આ પહેલ અંતર્ગત પ્રથમ તબક્કામાં વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરીંગ, મેડિકલ, ગણિત, મેનેજમેન્ટ, સામાજિક વિજ્ઞાન જેવાં વિષયો પર આધારિત 13 હજાર 400થી વધુ આંતરરાષ્ટ્રીય જર્નલ ઉપલબ્ધ કરાવાશે.

આ પહેલ 6 હજાર 380 શિક્ષણ સંસ્થાઓ માટે લાભકર્તા છે, જેમાં 451 યુનિવર્સિટી, 4 હજાર 864 કોલેજ અને IIT, NIIT જેવી 172 રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓનો સમાવેશ થાય છે.

વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ અભય કરાડીકરે જણાવ્યું કે, આ સુવિધા ત્રણ વર્ષ સુધી અપાશે.

બીજા તબક્કામાં ખાનગી શિક્ષણ સંસ્થાઓને જાહેર-ખાનગી ભાગીદારી મોડલ દ્વારા આવરી લેવાશે.

# ISRO

ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન,ISROએ ગઈકાલે રાત્રે સ્પેસ ડોકિંગ એક્સપેરિમેન્ટ સ્પાડેક્ષ મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું. ઇસરોના PSLV-C60 રોકેટને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટર પરથી લોંચ કરવામાં આવ્યું હતું. તેના લોન્ચિંગ પછી તરત જ તેણે બે ઉપગ્રહો SDX01 ,ધ ચેઝર) અને SDX02 - લક્ષ્યને નીચી પૃથ્વી ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક તૈનાત કર્યા હતા.

બે અવકાશયાન હવે આગામી 10 દિવસમાં સ્પેસ ડોકીંગ હાંસલ કરવા તરફ અવકાશમાં પરિભ્રમણ કરશે. SpaDeX નો ઉદ્દેશ્ય અદ્યતન ઇન-સ્પેસ ડોકિંગ

ટેક્નોલોજી, ચંદ્ર અભિયાનો અને ભારતીય અંતરીક્ષ સ્ટેશન સહિત ભાવિ મિશન માટે નિર્ણાયક ક્ષમતા દર્શાવવાનો છે. આ મિશન સફળતાપૂર્વક પૂર્ણ થવાથી અવકાશમાં જટિલ કામગીરી હાથ ધરવાની ISROની ક્ષમતામાં વધારો થશે અને ભાવિ આંતરગ્રહીય મિશન માટે પાયો નાખશે.

## AMIT SHAH ON SPADEX MISSION SUCCESS

**કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે સ્પેસ ડોકિંગ એક્સપ્રિમેન્ટ SpaDeX મિશનની સફળતા બદલ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા- ISROની પ્રશંસા કરી છે. X પર શ્રી શાહે જણાવ્યું કે, મિશનની ભવ્ય સફળતાએ દેશની સ્પેસ ડોકિંગ ટેકનોલોજી માટે નવો માર્ગ ખોલ્યો છે. સ્પેસ ડોકિંગમાં સફળતા મેળવનાર ભારત ચોથો દેશ બન્યો છે. તેમણે આ સિધ્ધિ બદલ ઇસરોની ટીમને અભિનંદન પાઠવ્યા છે.**

## FAKE DRUG SEIZED

પશ્ચિમ બંગાળમાં, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે નકલી દવાઓનાં વેપાર સામે કાર્યવાહી કરીને કોલકાતામાં છ કરોડ 60 લાખ રૂપિયાની દવાઓ જપ્ત કરી છે. મંત્રાલય હેઠળના સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન- CDSCO અને ડ્રગ્સ કંટ્રોલ ડિરેક્ટોરેટે કોલકાતામાં સંયુક્ત દરોડા પાડ્યા છે અને બનાવટી દવાઓ જપ્ત કરીને એક આરોપીની ધરપકડ કરી છે. જપ્ત કરાયેલી તમામ દવાઓ કેન્સર વિરોધી, ડાયાબિટીસ વિરોધી અને અન્ય ખર્ચાળ તબીબી સારવારની છે. CDSCOએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આયર્લેન્ડ, તુર્કી, અમેરિકા, બાંગ્લાદેશ સહિતના વિવિધ દેશોમાં ઉત્પાદિત થઈ હોવાનું લેબલ ધરાવતી દવાઓ મળી આવી છે, જેની ભારતમાં કાયદેસરની આયાત થઈ હોવાનાં કોઇ પુરાવા નથી.

## JHARKHAND - NIA

ઝારખંડમાં, NIA અધિકારીઓની ટીમે આતંકવાદી સંગઠન TSPC સંબંધિત કેસમાં ચતરા જિલ્લામાં ત્રણ સ્થળોએ દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન, થોડા લોકોની પૂછપરછ કરવામાં આવી હતી, જ્યારે ટીમે ઘણા મોબાઇલ ફોન, સિમ કાર્ડ અને કેટલાક દસ્તાવેજો જપ્ત કર્યા હતા. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે NIA દ્વારા લેવામાં આવેલી કાર્યવાહી 2016માં વસૂલાત વસૂલાત અને મની લોન્ડરિંગ કેસ સાથે સંબંધિત મામલામાં TSPC વિરુદ્ધ છે.

# WAYANAD-LANDSLIDES

કેન્દ્ર સરકારે કેરળના વાયનાડમાં ગત 30 જુલાઈના રોજ થયેલા ભૂસ્ખલનની વ્યાપક અસરને ધ્યાનમાં રાખીને તેને ખૂબ જ ગંભીર કુદરતી આપત્તિ જાહેર કરી છે.

ગૃહ મંત્રાલયે કેરળ સરકારને જાણ કરી છે કે રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન ભંડોળમાંથી આપવામાં આવતી પ્રારંભિક સહાય ઉપરાંત, કેન્દ્રીય આંતર-મંત્રાલય ટુકડી દ્વારા મૂલ્યાંકન કર્યા પછી રાષ્ટ્રીય આપત્તિ રાહત ભંડોળમાંથી વધારાની સહાય પૂરી પાડવામાં આવશે. દરમિયાન, વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ સરકારના નિર્ણયનું સ્વાગત કરતાં કહ્યું છે કે આ યોગ્ય દિશામાં લેવાયેલું પગલું છે. ઉલ્લેખનીય છે કે ગત 30 જુલાઈના રોજ વાયનાડના ચુરામાલા અને મુંડક્કાઈ વિસ્તારોમાં ભારે વરસાદને કારણે મોટા પ્રમાણમાં ભૂસ્ખલન થતાં 200થી  વધુ લોકો મૃત્યુ પામ્યા હતા અને હજારો લોકો વિસ્થાપિત થયા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે

અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

# BANKS - GNPA

ભારતની બેન્કોની અસ્કામતોની ગુણવત્તામાં સુધારો થયો છે. સપ્ટેમ્બર 2024ની સ્થિતિએ બેન્કોની કુલ એનપીએ ઘટીને કુલ ધિરાણનાં 2.6 ટકા હતી, જે છેલ્લાં 12 વર્ષની સૌથી નીચી છે એમ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા-RBIનાં છેલ્લાં નાણાકીય સ્થિરતા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આ સમયગાળામાં નેટ એનપીએ આશરે 0.6 ટકા હતી. રાજ્યની સહકારી બેન્કોની એસેટ ગુણવત્તામાં સુધારો વિવિધ ક્ષેત્રો અને બેન્ક જૂથોમાં હતો. છેલ્લાં બે વર્ષમાં જીએનપીએમાં મોટાં ધિરાણકર્તાઓનો હિસ્સો સતત ઘટી રહ્યો છે.

# YASHASVI JAISWAL

ઓપનિંગ બેટ્સમેન યશસ્વી જયસ્વાલ એક કેલેન્ડર વર્ષમાં ભારત માટે ત્રીજો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યો છે.

ઓસ્ટ્રેલિયા અને ભારત વચ્ચેની ચોથી ટેસ્ટના અંતિમ દિવસે તેણે આ સિદ્ધિ મેળવી હતી. બીજી ઇનિંગમાં 340 રનના લક્ષ્યનો પીછો કરતા જયસ્વાલે 208 બોલમાં 84 રન બનાવ્યા હતા, જેમાં તેણે આઠ ચોગ્ગા ફટકાર્યા હતા. આ ઇનિંગ સાથે તેણે એક કેલેન્ડર વર્ષમાં 1 હજાર 478 રન બનાવ્યા છે.આ સિદ્ધિ હાંસલ કરનારા અન્ય ભારતીય બેટ્સમેનોમાં સચિન તેંડુલકર છે જેમણે વર્ષ 2010માં 1 હજાર 562 રન, સુનીલ ગાવસ્કરે વર્ષ 1979માં 1 હજાર 555 રન અને વીરેન્દ્ર સેહવાગે વર્ષ 2008માં 1 હજાર 462 રન બનાવ્યા હતા.

# MEA- YEMEN PRIYA CASE

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે સરકાર યમનની ભારતીય નર્સ નિમિષા પ્રિયાને યમનની સરકાર દ્વારા સંભળાવવામાં આવેલી મૃત્યુદંડની સજાના મામલામાં તમામ શક્ય મદદ કરી રહી છે.
વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે સરકાર યમનની ઘટનાથી વાકેફ છે. તેમણે કહ્યું કે મંત્રાલય વાકેફ છે કે શ્રીમતી પ્રિયાનો પરિવાર યોગ્ય વિકલ્પો પર વિચાર કરી રહ્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સુશ્રી પ્રિયા કેરળની રહેવાસી છે અને યમનમાં એક હત્યાના કેસમાં દોષિત છે.

## INDIA'S FIRST GLASS BRIDGE

તમિલનાડુમાં પર્યટન સ્થળ કન્યાકુમારી ખાતે ગઈ કાલે સમુદ્ર પર ભારતના પ્રથમ કાચના પુલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને કાચનાં પુલનું અનાવરણ કર્યું જે 133 ફૂટ ઊંચી સંત તિરુવલ્લુવર પ્રતિમા અને વિવેકાનંદ રોક મેમોરિયલને જોડે છે.
બે સીમાચિહ્ન વચ્ચે નિર્મિત આ પુલ પર પ્રવાસીઓ નીચે લહેરાતા સમુદ્રને જોતાં જોતાં ચાલી શકશે. 37 કરોડ રૂપિયાના ખર્ચે બાંધવામાં આવેલા, 77 મીટરના આ પુલનું ઉદઘાટન તિરુવલ્લુવર પ્રતિમાની રજત જયંતી ઉજવણીના ભાગરૂપે કરવામાં આવ્યું હતું, રાજ્ય સરકારે તેને સ્ટેચ્યુ ઓફ વિઝડમ નામ આપ્યું છે.

## S KOREA-PREZ DETAIN

દક્ષિણ કોરિયામાં, સિઓલની એક અદાલતે મહાભિયોગનો સામનો કરી રહેલા રાષ્ટ્રપતિ યુન સુક યેઓલને અટકાયતમાં લેવાની પોલીસ વિનંતીને મંજૂરી આપી છે. તેમને સમરી માર્શલ લૉ લાદવામાં આવે ત્યાં સુધી અટકાયતમાં રાખવાનું કહેવામાં

આવ્યું હતું. આમ તેઓ ધરપકડનો સામનો કરનારા દક્ષિણ કોરિયાના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા છે. 3 ડિસેમ્બરના રોજ, સિઓલ વેસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટે યુન સુક યેઓલ વિરુદ્ધ લશ્કરી કાયદો જાહેર કરવાના ષડયંત્ર, બળવાની યોજના બનાવવા અને સત્તાના દુરુપયોગના આરોપસર વોરંટ જારી કર્યું હતું.

## TRAIN RUNNING LATE

ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસને કારણે 30 જેટલી  ટ્રેનો મોડી ચાલી રહી છે. આ ટ્રેનોમાં કર્ણાટક એક્સપ્રેસ, સંપર્ક ક્રાંતિ, તેજસ રાજધાની, લખનૌ મેલ, ઉંચાહર એક્સપ્રેસ અને અન્ય ટ્રેનોનો સમાવેશ થાય છે. આ ટ્રેનો નિર્ધારિત સમયથી 30 મિનિટથી ચાર કલાક જેટલી મોડી ચાલી રહી છે તેમ રેલવે દ્વારા જણાવાયું છે.

# IT DEPT - DIGI YATRA

કરચોરી કરનારાઓ પર કાર્યવાહી  માટે ડિજી યાત્રાના ડેટાનો ઉપયોગ કરવામાં આવશે તેવા મીડિયા અહેવાલોને સરકારે ફગાવી દીધા છે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે ડિજી યાત્રાને લગતા આવા અહેવાલો પાયાવિહોણા અને ખોટા દાવાઓ પર આધારિત છે.ભારતીય કર સત્તાવાળાઓ સાથે ડિજી યાત્રા હેઠળ મુસાફરોના ડેટાની કોઈ વહેંચણી કરવામાં આવતી નથી. દરમિયાન, આવકવેરા વિભાગે પણ સ્પષ્ટતા કરી છે કે વિભાગ દ્વારા આ પ્રકારની કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી.

ઉડ્ડયન મંત્રાલયે  જણાવ્યું છે કે ડીજી યાત્રા એપ્લિકેશનમા વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી અને મુસાફરી ઓળખપત્રો ફક્ત વપરાશકર્તાના ઉપકરણ પર સંગ્રહિત થાય છે. જો કોઈ વપરાશકર્તા ડિજી યાત્રા એપને અનઇન્સ્ટોલ કરે, તો ડેટા સંપૂર્ણ રીતે ડિલીટ થઈ જાય છે.